## જન્મદિને વધામણી



મુનીન્દ્ર આર જોષી
નિવૃત્ત પ્રિન્સિપાલ
સિધ્ધાર્થ લો કોલેજ, ગાંધીનગર
મો. ૯૮૨૪૩ ૯૮૭૧૭



સ્મૃતિબેન સંજયભાઈ ચુડાસમા
મો. ૯૮૯૮૦ ૭૦૬૬૫



અલ્પા આશિષ પુરોહિત

# સ્કૂલ ઑફ અચિવર કુડાસણમાં પતંગોત્સવ



## રસાકસીભરી સ્પર્ધાના અંતે રેડ હાઉસને વિજેતા જાહેર કરાયું
## પતંગ સ્પર્ધા સાથે વિવિધ ફૂડ સ્ટોલ પણ સતત ધમધમતા રહ્યા

ગાંધીનગર, તા. ૧૬

સ્કૂલ ઑફ એચિવર, કુડાસણમાં આ વર્ષે પણ તા.૧૩ જાન્યુઆરીના રોજ પારંપરિક રીતે પતંગપર્વની ઉજવણી થઈ હતી, જેનો વિદ્યાર્થીઓએ ભરપૂર લાભ લઈ આનંદ ઉઠાવ્યો હતો.

સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ અને સ્કૂલ ઓથોરીટીઝ વડે આકાશમાં ફુગ્ગા ઉડાડી પતંગોત્સવ ખુલ્લો મુકાયો હતો. ત્યારબાદ ઈંગ્લીશ મીડિયમનાં ચાર હાઉસ અને ગુજરાતી મીડિયમના ચાર હાઉસ મળી કુલ આઠ હાઉસના વિદ્યાર્થીઓ વચ્ચે પતંગ-સ્પર્ધા જામી હતી. રસાકસીભરી સ્પર્ધાના અંતે રેડ હાઉસને વિજેતા જાહેર કરાયું હતું.

તદુપરાંત, ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓ માટે સ્લોગન સ્પર્ધા યોજાઈ હતી. વિદ્યાર્થીઓ પતંગ પર વિવિધ સ્લોગન લખીને લઈ આવ્યા હતા.

આ સ્લોગન લખેલા પતંગોનું સ્કૂલ-ફોયરમાં પ્રદર્શન પણ ગોઠવાયું હતું. પતંગ સ્પર્ધાની સાથે-સાથે બાળકોએ સ્કૂલ પરિસરમાં ઋતુ અને તહેવારને અનુરૂપ વાનગીઓના સ્ટોલ્સ ગોઠવ્યા હતા. તલ-ચીકી, ભેળ, ખીચું, ચનાજોરગરમ, ફ્રુટડીશ, પાપડી-મૂળા-કઢી, મસાલેદાર મમરી, લીંબુ શરબત જેવી વાનગીઓ વિદ્યાર્થીઓએ શિક્ષકોના માર્ગદર્શનમાં જાતે જ બનાવી હતી, જેમને માણવા માટે વિવિધ સ્ટોલ્સ પર વિદ્યાર્થીઓનો જબ્બર ધસારો રહ્યો હતો. એકંદરે, વિદ્યાર્થીઓએ શાળા દ્વારા આયોજિત આ પતંગોત્સવને મન ભરીને માણ્યો હતો.

## એમ બી પટેલ શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા ખેતરની મુલાકાત

ગાંધીનગર, તા. ૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૪ અને ૫ની વિદ્યાર્થીનીઓને શાળામાં ચાલતી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અંતર્ગત ખેતરની પ્રત્યક્ષ મુલાકાત કરાવવામાં આવી હતી.

ધોરણ-૪ની ૨૪૦ તથા ધોરણ પાંચની ૨૮૦ વિદ્યાર્થીનીઓએ કોબા તથા પાંડવ ફાર્મ, વાવોલ ખાતે શૈક્ષણિક મુલાકાત લઈ જમીનના પ્રકાર, ખેતીના ઓજારો, વાવેતરના પ્રકાર, શાકભાજીનું વાવેતર, ઢોરોનાં રહેઠાણની વ્યવસ્થા, બોર દ્વારા અપાતું પાણી વગેરેની પ્રત્યક્ષ માહિતી મેળવી હતી. શહેરની શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ અસલ ખેતર જોઈને આનંદિત થઈ ઊઠી હતી અને તેમણે વિવિધ સવાલો પૂછીને ખેતર તથા ખેતી વિશે પોતાની જાણકારી વધારવાનો પ્રયાસ આ મુલાકાત દરમ્યાન કર્યો હતો.

ફાર્મ હાઉસના માલિક ગોરધનભાઈ પટેલ તથા કોબા ખાતેના કૃષક લાલભાઈ કાળીદાસ પટેલે વિદ્યાર્થીનીઓને હેતાળવો આવકાર આપી તેમને ખેતરની વિસ્તૃત સમજ સાથે સ્વાદિષ્ટ નાસ્તો પણ પીરસ્યો હતો.

આ મુલાકાતમાં વિદ્યાર્થીનીઓ સાથે તેમના વર્ગશિક્ષકો જોડાયા હતા. આચાર્યા નીરૂબેન જે પટેલે આ મુલાકાત બદલ ખેતરના માલિકોનો આભાર માન્યો હતો.

## ઍમ બી પટેલ કન્યા શાળા ખાતે
# પૅટ્રોલિયમ કન્ઝર્વેશન રિસર્ચ ઍસો. દ્વારા ડૉમ્સ્ટીક વર્કશોપ યોજાયો





ગાંધીનગર, તા. ૧૬

કેન્દ્ર સરકારની સંસ્થા પેટ્રોલિયમ કન્ઝર્વેશન રીસર્ચ એસોસિએશન દ્વારા ઊર્જા બચત અભિયાનના ભાગરૂપે ૧૩ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળા ખાતે ડોમેસ્ટીક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમ્યાન પીસીઆરએ, અમદાવાદના ફેકલ્ટી રાજેશ્રી વાર્ષ્ણેય દ્વારા પેટ્રોલ, ડીઝલ, ગેસ જેવી કુદરતી સંપત્તિની બચત અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. વર્કશોપ દરમ્યાન ઉર્જા બચતનો સંદેશો આપતી લઘુ ફિલ્મ 'ઘર ઘર કી કહાની' પણ દર્શાવવામાં આવી હતી.

કાર્યક્રમના ભાગરૂપે ઉર્જા બચતના વિવિધ પ્રશ્નો આધારિત ક્વિઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનારી વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. આચાર્ય નીરૂબેન પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવા બદલ રાજેશ્રીબેન દ્વારા તેઓને બિરદાવવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન શાળાના શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# હવે ખેડૂતોનો પણ ઓનલાઈન સ્ટોર

## ગુજરાતના ૬૬ ખેડૂતો ઓનલાઈન સ્ટોર્સ શરૂ કરી અનાજ-કઠોળ અને શાકભાજી સીધા ગ્રાહકોને વેચશે

ગાંધીનગર, તા. ૧૬

ભાવોની બાબતે વચેટિયાઓની હાથે વગર વાંકે માર ખાઈ રહેલા ગુજરાતના ખેડૂતો હવે તેમના શાકભાજી, અનાજ અને કઠોળ ગ્રાહકોને સીધા વેચી શકે તેવી સર્વિસ શરૂ થઈ ગઈ છે. ગુજરાતના ૬૬ ખેડૂતો તેમનો માલ હવે ઓનલાઈન વેચી શકશે.

ઈમોલ પોર્ટલ દ્વારા એગ્રિકલ્ચરલ ક્ષેત્રે કામ કરતી જાણીતી સંસ્થા સૃષ્ટિના સહયોગથી ગુજરાતના ખેડૂતોને પોતાનો ઈ-સ્ટોર બનાવી આપશે. ખેડૂતો પોતાની ઈ મંડી બનાવી ગૃહિણીઓને સીધા શાકભાજી કે ડુંગળી, બટાકા વગેરે વેચી શકશે. ભારે નફાખોરી કરતા કમિશન એજન્ટો નીકળી જવાથી સીધો ફાયદો ગ્રાહકોને અને ખેડૂતોને મળશે. ૧૦મી જાન્યુઆરીએ અમદાવાદના આઈ.આઈ.એમ. કેમ્પસમાં www. theebazaar.com નામનું વેબ પોર્ટલ લોન્ચ થયું જેમાં ખેડૂતો પોતાના શાકભાજી અને બીજી ખેત પેદાશો ઓનલાઈન સીધા ગ્રાહકોને વેચી શકશે.

# સુરક્ષિત ભવિષ્ય માટે ઓઈલ, ગૅસની બચત જરૂરી





ગાંધીનગર, તા. ૧૬

તેલ અને કુદરતી ગેસ સંરક્ષણ પખવાડિયાની ઉજવણીનો આજથી આરંભ થયો છે. આ પખવાડિયાની સમાપ્તિ તા. ૩૧ જાન્યુઆરીના રોજ થશે. આ વખતની થીમ 'ક્લીનર ફ્યુઅલ ગ્રીનર પ્લેનેટ' છે.

જાહેરક્ષેત્રની ચાર તેલ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ., હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ., ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ અને ગેઈલ (ઈન્ડિયા) લિ. દ્વારા પીસીઆરએના સહયોગમાં આ ઉજવણી યોજાઈ રહી છે. સરદાર વલ્લભભાઈ મેમોરિયલ હોલ, અમદાવાદ ખાતે રાજ્યના મુખ્ય સચિવ જી આર અલોરિયાના મુખ્ય મહેમાનપદે યોજાયેલા ઉદ્‌ઘાટન સમારોહમાં તેલ કંપનીના અધિકારીઓ, ડિલર્સ, ડિસ્ટ્રીબ્યુટર્સ અને ૪૦૦થી પણ વધુ શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય સચિવે પોતાના પ્રવચનમાં પેટ્રોલિયમ પ્રોડક્ટ્સના સંરક્ષણની જરૂરિયાત પર ભાર મૂકીને ગુજરાત રાજ્યમાં પખવાડિયા દરમ્યાન તેલ કંપનીઓ દ્વારા થનારી ૫૮૦૦ પ્રવૃત્તિઓની બિરદાવી હતી.

તેમણે તમામ પ્રવૃત્તિઓમાં પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની બચત કરવાની અને તેના દ્વારા દેશના વિકાસ માટે સ્ત્રોતને જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે નાગરિકોને પેટ્રોલિયમ પ્રોડક્ટ્સનો બગાડ ન થાય તે માટે લોકોને શિક્ષિત કરવાની જવાબદારી ઉપાડવા માટે આહ્‌વાન કર્યું હતું.

વર્તમાન સમયમાં લોકોએ સામાજિક પ્રતિષ્ઠા માટે નહીં પરંતુ પોતાની સુરક્ષા માટે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવો જોઈએ, જેનાથી ઈંધણની બચત થશે, પ્રદૂષણ ઘટશે તેમજ દિવસે દિવસે વધતા માર્ગ અકસ્માતોનો દર પણ નીચો આવશે. સુરક્ષિત ભવિષ્ય માટે ઓઈલ અને ગૅસની બચત કરી સામાજિક ચિંતન કરવું જરૂરી છે, એમ તેમણે જણાવ્યું હતું.

## એમ.બી. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓને ઉત્તરાયણ પર્વ નિમિત્તે 'ફિરકી'નું વિતરણ

ગાંધીનગર, તા.૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધો-૧ અને ૨ની વિદ્યાર્થીનીઓને તા. ૧૨મી જાન્યુઆરી મંગળવારના રોજ ઉત્તરાયણ પર્વની ઉવજણી નિમિત્તે દરેક વિદ્યાર્થીનીને આકાશમાં પતંગ ઉડાડવા માટે દોરી (ફિરકી)નું વિતરણ શાળા દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યા નીરૂબેન પટેલે ઉત્તરાયણ પર્વના મહત્વની સમજ આપી શાળાની તમામ વિદ્યાર્થીઓને આ પર્વની શુભેચ્છા પાઠવી હતી.

## મંગળવારે ટાઉનહૉલમાં લોક ડાયરાનો જાહેર કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૬

ડૉ. ભીમરાવ આંબેડકરની સવાસોમી જન્મજયંતિ નિમિત્તે આગામી તા. ૧૯ જાન્યુઆરીના રોજ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે લોક ડાયરાના જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે ડૉ. ભીમરામ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે તા. ૧૯ જાન્યુઆરી ને મંગળવારના રોજ ટાઉનહૉલ, સૅક્ટર-૧૭, ગાંધીનગર ખાતે સાંજે ૭.૩૦ કલાકે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઉપક્રમે લોક ડાયરાના જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ અંતર્ગત સુપ્રસિધ્ધ લોકગાયક કરસન સાગઠિયા, અરવિંદ બારોટ, ઉમેશ સાધુ, વર્ષા પંડ્યા, નરેશ ખંભાતી અને લોક સાહિત્યકાર પ્રભાત સોલંકી લોક સાહિત્ય અને લોકગીતોની રસલ્હાણ શ્રોતાઓને કરાવશે.

આ કાર્યક્રમને માણવા માટે રાજ્યના મંત્રીઓ અને મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે.

લોક ડાયરાનો આ કાર્યક્રમ જાહેર જનતા માટે ખુલ્લો છે, એમ જણાવી રસ ધરાવતા સૌ કોઈને આ કાર્યક્રમ માણવા ટાઉનહૉલ ખાતે ઉપસ્થિત રહેવા આ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
વઝીર
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
રોમાન્ટ કોમ્પ્લીકેટેડ (ગુજ.)
૬.૩૦

**સ્ક્રીન-3**
ચૉક ઍન્ડ ડસ્ટર
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
છોટા ભીમ
૨.૦૦
બાજીરાવ મસ્તાની
૪.૦૦, ૯.૪૫
છેલ્લો દિવસ
૭.૦૦

**સ્ક્રીન-૫**
વઝીર
૭.૦૦
રોમાન્સ કોમ્પ્લીકેટેડ
૧૦.૦૦, ૧.૦૦
૪.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૬**
વઝીર
૧૨.૩૦
બાજીરાવ મસ્તાની
૪.૦૦
દિલવાલે
૧૦.૦૦

# ડૉ. વીજળીવાળાની 'દિલ છુ લેને વાલી' વાતોને શ્રોતાઓનો અશ્રુનો અભિષેક

### ગાંધીનગર કલ્ચરલ ફોરમના અર્ક વ્યાખ્યાન માળાના પાંચમા મણકામાં ઈન્ટરનેટના મહાસાગર ખૂંદીને મેળવેલા અમૃતના બિંદુઓ જેવા પ્રસંગો અને જીવન જીવવાનો અભિગમ બતાવતા ડૉ. આઈ કે વીજળીવાળાના પ્રેરક પ્રવચનમાં વક્તા અને શ્રોતા બ ંને દડદડ આંસુએ રડતા રહ્યા

વીજળીના ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ, અચાનક અંધારાં થાશે રે... ડૉ. આઈ કે વીજળીવાળાની વીજળીના ચમકારે આલેખેલી સરળ કથાઓ વાચકોને એનર્જીનું કામ આપે છે અને એટલે જ આ ગીતની પંક્તિ એમના માટે બિલકુલ બંધબેસતી છે... વ્યવસાયે તબીબ પણ હૃદયથી હબીબ (મિત્ર) કે એક સ્ટેપ વધુ કહીએ તો હબીબુલ્લા (ઈશ્વરના મિત્ર) છે... ઈશ્વરની વાતો, આસ્થાની વાતો, હૃદયને હચમચાવી વિચારોનો ઉલટફેર કરાવતી વાતો, અંધાધૂંધ ગોળીબારની જેમ ભટકતા વિચારોને નિશાના પર લાવવાની વાતો... કેટકેટલી ઉપમા આપી શકાય...




અનેક સારી-નરસી વૈવિધ્ય ધરાવતો ઈન્ટરનેટનો અફાટ મહાસાગર ખૂંદીને મેળવેલાં મોતી જેવાં પ્રસંગો, વાર્તા, કિસ્સા ને ડૉ. વીજળીવાળા શ્રોતાઓ સમક્ષ ભાવવાહી થઈ મૂકવામાં એકદમ એકાકાર થયેલાં જોવા મળ્યાં... દોઢ કલાકની એમની અશ્રુ છલકતી આંખો અને દિલ છૂ લેને વાલી વાતોથી શ્રોતાઓની આંખો પર હાથરૂમાલ સતત વહાલ કરતો દેખાતો હતો...

જીંદગી એ એક એક દિવસની ઈંટથી બનેલું સુંદર ઘર છે... સમાજમાં શાંતિ માટે પોતાના પરિવારને પ્રેમ કરતાં શીખો... બીજાને સમય આવો એ સૌથી મોટું ઈન્વેસ્ટમેન્ટ છે... ઘર આજે પેઈંગ ગેસ્ટ બની ગયું છે... જીવનને આનંદથી જીવવા સમયને ચાર ભાગમાં વહેંચી લોત... આજે આપણે નર્ક અને સ્વર્ગના ભયને લીધે જ ભગવાનને ભજીએ છીએ... જીવનમાં મીઠાશ આવે કે ન આવે,




લોહીમાં ડાયાબિટીસ આવી જાય છે... આપણું કામ પિઝાનો એક ટૂકડો છે, આખો પિઝા નથી... એક એકથી મર્મજ્ઞ અને સીધી જ હૃદયને વલોવતી વાતો ડૉ. આઈ કે વીજળીવાળાએ કરી... સાયલન્સ પ્લીઝ, કાળની કેડીએથી અને મોતીચરોના સાત ભાગ સાથે રીતસર સાહિત્યક્ષેત્રે વાચકોના ઘરે ઘરે પહોંચી ગયેલા ડૉ. આઈ કે વીજળીવાળા કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાન માળાના પાંચમા મણકામાં એક અમીટ છાપ છોડી ગયા. હૃદયસ્પર્શી વાત માંડવાની એમની શૈલીમાં બધા એકાકારબની ગયા હતા.

એમના દરેક પુસ્તકના પાને પાને અને શબ્દે શબ્દે આંખ ભીંજવતો ભાવ ટપકે છે. સંવેદનશીલ સર્જક અને સર્જન એમ બંને ક્ષેત્રે લોકોનો અઢળક પ્રેમ ડૉ. વીજળીવાળાએ મેળવ્યો છે એવી વાત અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ કરી. અર્ક વ્યાખ્યાન માળામાં ગુણવંત શાહ, શાહબુદ્દીન રાઠોડ, મોરારી બાપુ અને બ્રહ્મવિહારી સ્વામી બાદ આ લોકલાડીલા વધુ વંચાતા સર્જક છે એમ કહી સૂત્ર સંચાલક હિરેન ભટ્ટે વ્યાખ્યાન માળાની પૂર્વભૂમિકા બાંધી હતી... પેશન અને પશન્ટ બંનેને બેલેન્સ કરી, છાપાં વેચીને મેડિકલનો અભ્યાસ કરી સંવેદનાને દિલથી અનુભવનાર સર્જકને વધાવીએ એવો પરિચય લાલાકાકાએ આપ્યો હતો.

અર્ક વ્યાખ્યાન માળા એ મનને માંજવાનો એક શ્રેષ્ઠ ઉપક્રમ છે અને આ અર્કના સેવનથી જીવન જીવવાની ક્યારેક જડીબુટ્ટી મળી જાય છે... કલ્ચરલ ફોરમના સ્કૂલ ઑફ મ્યુઝીકની લેટેસ્ટ બેચની આઠ સંગીત ઉપાસક બહેનો દ્વારા મા શારદાની પ્રાર્થના અને બિરેન પુરોહિતના માર્ગદર્શનથી સાધેલા સૂર વાતાવરણને પવિત્ર કરવા સક્ષમ હતા.મનુષ્યનું મન એ ઝાંઝવા પાછળ દોડતાં મૃગ જેવું છે. એ પોતાની આસપાસ રહેલાં લોકો કે વસ્તુઓને જોઈ શકતું નથી અને જ્યાં ત્યાં ભટક્યા કરે છે. અને આ દોડાદોડમાં એની આંખ ક્યારે મિંચાઈ જાય છે એની જ ખબર નથી પડતી... એવી તો કેટલીય દિલ છૂ લેનેવાલી વાતો ડૉ. વીજળીવાળા કરતા રહ્યા ને શ્રોતાઓ સાંભળતા રહ્યા...કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત આ કાર્યક્રમ સાચા અર્થમાં મન પર ચડેલા માટીના થરને હટાવવા અને આંખોના આંસુને ખોલવાના પાસવર્ડ જેવો બની રહ્યો...